અપીલ અરજી નં.૨૪૮ તા.૧–૧૨–૦૮/૦૯

અરજદારઃ શ્રી ચંદ્રકાંત રતીલાલ કોસંબીયા
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચંદ્રકાંત રતીલાલ કોસંબીયાની તા.૧૧–૬–૦૮ ની અરજીથી રે.સ.નં.૧૨૦/૨ ટીપી સ્કીમ નં.૧૫ ફા.પ્લોટ નં.૮૮ તથા ટીપી સ્કીમ નં.૧૭ ફા.પ્લોટ નં.૧૬૪ વાળી જમીન કયા પુરાવાના અને માલિકીના પુરાવાના આધારે પ્લાન મંજુર કર્યો છે તથા આકારણીના દફતરે કોનું નામ દાખલ છે તેના પુરાવાની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૪૮/૨૦૦૮–૦૯

## ***ફરીયાદની હકીકતઃ–***

શ્રી ચંદ્રકાંત રતીલાલ કોસંબીયાની તા.૧૧–૬–૦૮ ની અરજીથી રે.સ.નં.૧૨૦/૨ ટીપી સ્કીમ નં.૧૫ ફા.પ્લોટ નં.૮૮ તથા ટીપી સ્કીમ નં.૧૭ ફા.પ્લોટ નં.૧૬૪ વાળી જમીન કયા પુરાવાના અને માલિકીના પુરાવાના આધારે પ્લાન મં જુર કર્યો છે તથા આકારણીના દફતરે કોનું નામ દાખલ છે તેના પુરાવાની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં નહીં મળેલા પ્રતિભાવથી તેમજ વિલંબથી મળેલ માહિતીથી નારાજ થઈ લગભગ ૧૪૩ દિવસના વિલંબિત ગાળાથી એપેલેટ ઓફિસરને તા.૧–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૫૧ તા.૬–૧૨–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)ને પત્ર પાઠવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૭૧ તા.૧૭–૧૨–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારને તા.૧૫–૭–૦૮ ના રોજ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પડાયેલ ત્યાબ બાદ અરજદારે લગભગ સાડા ત્રણ માસના વિલંબથી અપીલ અરજી કરેલ છે. જે અંગે અત્રેના પત્ર નં.૮૫૧ તા.૬–૧૨–૦૮ થી વિલંબ માટેનું વાજબીપણું રજુ કરવા અરજદારને પત્ર પણ પાઠવવામાં આવેલ જે અંગે અરજદારે કોઈ પ્રતિભાવ રજુ કરેલ નથી.

અરજદારે તા.૧૧–૬–૦૮ ના રોજ સેન્ટ્રલ ઝોનને કરેલ અરજી તા.૧૭–૬–૦૮ ના રોજ વરાછાઝોનને મળેલ. જે ના અનુંધાને અરજદારને નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૭૧ તા.૨૩–૬–૦૮ થી અરજદારને દસ્તાવેજ ફીના રૂ.૧૬/– ભરી માહિતી મેળવવા જણાવેલ છે. અરજદારે દસ્તાવેજ ફીના રૂ.૧૬/– તા.૨૩–૬–૦૮ ના રોજ રસીદ નં.૮૯૫ ૬૪૩ ભરપાઈ કરેલ છે. ત્યાર બાદ નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૭૧ તા.૧૫–૭–૦૮ થી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે નિર્દિષ્ટ જવાબની નકલ તથા આકારણી ખાતાના તુમારની નકલ મળેલ છે તેવી તા.૪–૧૨–૦૮ ના રોજ અરજદારની સહીવાળી નકલ અત્રે રજુ કરેલ છે. આ ઉપરાંત અરજદારે તા.૨૦–૧૨–૦૮ ના રોજ રૂબરૂ માહિતી તથા સમજ સંતોષકારક આપવામાં આવેલ છે જેથી તેમને અપીલ ખેંચી લેવા જણાતો પત્ર લેખિતમાં વરાછાઝોનને રજુ કરેલ જે વરાછાઝોન ધ્વારા તા.૨૩–૧૨–૦૮ ના રોજ અત્રે મોકલેલ છે.

## ***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૬–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ અને અરજદારે રૂબરૂમાં તા.૪–૧૨–૦૮ ન રોજ માહિતી મેળવ્યાના આધાર તેમજ અરજદારનીરૂબરૂ માહિતી તથા સમજ સંતોષકારક આપવામાં આવેલ હોઈ અપીલ અરજી પરત ખેંચતી મુળ અરજી રજુ કરેલ હોઈ અરજદારની અપીલ અરજી અંગે કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

ડે.***કમિશનર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ચંદ્રકાંત રતીલાલ કોસંબીયા